
॥ હરિઃ ૐ ॥

હરિઃૐ આશ્રમ પ્રકાશિત

# હરિઃ ૐ ગુંજ



"મારે સમાજને બેઠો કરવો છે"

— શ્રીમોટા

## રામનવમી પર્વનો મર્મ અને ધર્મ

એક ભાઈ કહે : 'પૂ. મોટા, રામનવમીએ મારી સેવામાં આપનો ફોટો પધરાવવાનો છે ત્યારે આપ તો અત્રે નહીં હો છતાં માનસિક રીતે પધારવાનું આમંત્રણ આપીશ.' શ્રીમોટા કહે : 'મને યાદ કરો ત્યાં હું હાજર છું.'

રામનવમીના એક ઉત્સવમાં એક સ્વજનથી જવાનું ન બનતાં તે શ્રીમોટાને કહે : "આ વખતે મારાથી ઉત્સવમાં નહીં અવાય. અહીં (મુંબઈમાં) ફંડફાળાનું કામ ચાલે છે". ત્યારે તેઓશ્રીએ કહ્યું. અહીં પણ રામનવમી છે. જે મારું જ્યાં જ્યાં કામ કરે ત્યાં ત્યાં રામનવમી સમજવી. લોકો ખાલી ખાલી પગે પડવા આવે છે. તેમને હું જ ના કહી દઉં છું, કે નકામા પગે પડવા આવશો નહીં.

# આમંત્રણ પત્રિકા

આત્મીય સ્વજન શ્રી,     સાદર હરિઃૐ

ચૈત્ર સુદ નોમ (રામનવમી) એ પૂજ્ય શ્રીમોટાના ૮૦ મા સાક્ષાત્કારદિને પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સહુ સ્વજન ભાઈબહેનોના મિલન સમારંભના યજમાન બનવાનો અમોને અવસર પ્રાપ્ત થયો છે. અનેરા એવા આ ‘ઉત્સવ’ માં આપ સહુને પરિવારજનો-મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

**સ્નેહાધીન - શ્રી કમળાબહેન ત્રિભોવનદાસ જોષી તેમ જ જોષી પરિવાર,** ચલથાણ, સુરત.

## પ્રોગ્રામની રૂપરેખા

**શનિવાર, તા. : ૨૪-૦૩-૨૦૧૮** સાંજના

૦૬ : ૦૦ થી ૦૬ : ૩૦ : હરિઃૐ ધૂન (લવાછા મંડળ)

૦૬ : ૩૦ થી ૦૮ : ૦૦ : ગુરુમહિમા (વક્તાશ્રી મેરાણભાઈ ગઢવી)

૦૮ : થી ..... : પ્રસાદ

**રવિવાર, તા. : ૨૫-૦૩-૨૦૧૮** સવારના

૦૭ :૩૦ થી ૦૮ : ૦૦ : નામસ્મરણ-ધૂન

૦૮ : ૩૦ થી ૦૯ : ૦૦ : નિત્ય પ્રાર્થના - આરતી

૦૯ : ૦૦ થી ૦૯ : ૪૫ : વક્તાશ્રી ઉદય કૌશિકજી,
(ચૅરમૅન શ્રી, કૈલાસ માનસરોવર નિષ્કામ સેવા સમિતિ - ન્યુ દિલ્હી)

૦૯ : ૪૫ થી ૧૦ : ૪૫ : ભજનો

૧૦ : ૪૫ થી ૧૧ : ૩૦ : વક્તા શ્રી બળવંતભાઈ જાની,
(ચાન્સેલર શ્રી, સાગર યુનિવર્સિટી - મધ્ય પ્રદેશ)

૧૧ : ૩૦ થી ૧૨ : ૦૦ : ઍવોર્ડ, યજમાન આભાર વિધિ,
અર્પણવિધિ અને ગુરુવંદના

૧૨ : ૦૦ થી ......... : પ્રસાદ




**મિલન સમારંભ - ઉતારાનું સ્થળ :**
શ્રી સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટની વાડી, આંબાતલાવડી, કતારગામ, સુરત.

વિજ્ઞપ્તિ :

શનિવારને તા. ૨૪-૦૩-૨૦૧૮ ના રોજ બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઈચ્છનાર સ્વજનો, આપનો આવવાનો સમય અને સંખ્યા અંગે તા. : ૨૦-૦૩-૨૦૧૮ સુધીમાં એસ.એમ.એસ. કે મોબાઈલથી આ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**વિપુલ જોષી :** ૯૬૮૭૮૩૮૩૦૯ / **શિવલાલ જોષી :** ૯૮૨૪૪૮૦૭૧૩ / ફોન : (૦૨૬૨૧) ૨૫૨૭૨૬

**નિમંત્રક : હૃદયસ્થ. મનસુખભાઈ ત્રિભોવનદાસ જોષી**

**ગિરધરભાઈ જોષી** : ૯૮૨૪૪૮૦૭૧૨ / **ઇચ્છાશંકર જોષી** : ૯૮૨૪૧૦૨૯૮૧

**શિવલાલ જોષી** : ૯૮૨૪૪૮૦૭૧૩ / **કાંતિલાલ જોષી** : ૯૮૨૫૫૭૮૦૭૯

**કિરીટ જોષી તેમ જ સમગ્ર પરિવારજનો** - ચલથાણ, સુરત.

• વેબસાઈટ-ઈ-મેઈલ •
www.hariomashram.org
hariomashram10@gmail.com

**ટ્રસ્ટી મંડળ**

શ્રી ગૌતમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ

**લવાજમ દર**

વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-
દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/

હરિઃ ૐ ગુંજના ગ્રાહક બનવા માટેનું ફોર્મ પાના નં. ૨૪ ઉપર છે.

**હરિઃ ૐ ગુંજ અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે ચેક અથવા મનીઑર્ડરથી/ચૅક/ડી.ડી./ઈ-બૅંકિંગ મારફતે કાર્યાલયના સરનામે મોકલવી.
(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.

૨. હરિઃૐ આશ્રમ,
પો.બો.નં. ૭૪, નડિયાદ,
પીન : ૩૮૭૦૦૧.
મો. ૭૮૭૮૦૪૬૨૮૮

• ટાઈપસેટિંગ •
સત્યમ કમ્પ્યુટર, અમદાવાદ
મો. ૯૮૭૯૮૩૧૪૨૪

હરિઃ ૐ આશ્રમ, પ્રકાશિત

# હરિઃ ૐ ગુંજ

વર્ષ : ૧૩ દ્વિમાસિક-સામયિક માર્ચ-એપ્રિલ, ૨૦૧૮

## નિવેદન...

"આત્મનં માનુષં મન્યે રામં દશરથાત્મજમ્ ।"

*વા.રા. 'યુદ્ધ' ૧૧૭/૧૧*

"મારી એવી સમજ છે કે હું મનુષ્ય હોઈને દશરથ રાજાનો પુત્ર રામ છું !"

શ્રી રામચંદ્ર દેવ હોવા છતાં મનુષ્ય તરીકે તેમનો વ્યવહાર સ્પષ્ટ વર્તાય છે. પ્રભુ રામચંદ્રના સમગ્ર ચરિત્રનો વિચાર કરતાં તે બે ભાગમાં વિભાજીત છે. 'યુદ્ધકાંડ' પછીના ચરિત્રમાં દેવત્વનો આવિષ્કાર છે. પણ તેથી તો હૃદયની ભાવના ઉપર પથ્થર મૂકીને રાજા રામ તરીકે તેમણે ધર્મપત્ની સીતાજીનો ત્યાગ કરેલો દેખાય છે.

ઘોર કળિયુગમાં શ્રીમોટા આત્મલક્ષી-અંતર્મુખી થવાની વાત કરે છે. પ્રત્યેક વ્યક્તિની અને વસ્તુની ઉજળી બાજુ જુઓ. કોઈ પણ બાબત પર ઝટ અભિપ્રાય ન આપો. વાદવિવાદ ના કરો. બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, સાર્વત્રિક ઔદાર્ય અને સમ્યક્ દૃષ્ટિ જીવનમાં પ્રકટાવો. પ્રેમભાવ કેળવો. ફળની આસક્તિનો ત્યાગ કરો. પોતાને થતાં અન્યાય કે આવી પડતી આફતો કે દુઃખો-આદિનું મૂળ પોતાનામાં જ છે એમ દૃઢાવો. પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો.

યદેચ્છા જે કાંઈ મળે તે પ્રભુપ્રસાદી ગણી તેને સ્વીકારી સંતોષ માનો. ક્યાંય કોઈની સાથે સરખામણી ના કરો. અનુકૂળતા કે પ્રતિકૂળતા એ મનની ભ્રમણા છે. જીવનસાધના માટે સર્વ જે છે તે બધું સાનુકૂળ જ હોય છે.

**સંપાદક :**
**ડૉ. ચંપકભાઈ ર. મોદી**

**પ્રયોજક :**
હરિઃૐ આશ્રમ, નડિયાદ

# હરિઃ ૐ ગુંજ

**વર્ષ : ૧૩મું**

**માર્ચ-એપ્રિલ, ૨૦૧૮**

**પ્રયોજક : રાજેન્દ્રભાઈ રાવલ**

**❁ લેખન : સંકલન ❁**

**ડૉ. ચંપકભાઈ ર. મોદી**

**નડિયાદ.**

**❁ સંપાદન ❁**

**ડૉ. ઉષાબેન ખેર**

**ડૉ. બેલા આર. શાહ**

- **પ્રતિ ૨ માસે તા. ૧ થી ૧૦ માં અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ પ્રયોજીને લેખિત જાણ કરવી.

**સાધક-લેખકોને નિમંત્રણ**

શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃ ૐ ગુંજ' દ્વિમાસિક-સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું.

**❁ લખાણ અંગે ❁**

- શ્રીમોટાના સાહિત્ય વિષયક
- શ્રીમોટાના જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખો લેખકના કે અન્ય સાહિત્યકારના શ્રી મોટાના અને લેખકના પોતાના અંગત વિચારો છે.

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | રામનવમી - માહાત્મ્ય | ૩ |
| ૨. | શ્રી મોટાને અદ્વૈતનો સાક્ષાત્કાર | ૪ |
| ૩. | મૃત્યુ પછી જીવાત્માની સ્થિતિ | ૬ |
| ૪. | જીવની ગતિ અને કાર્ય | ૯ |
| ૫. | સમાજ કેવી રીતે ઉત્થાન પામે ? | ૧૧ |
| ૬. | The Aim in Life | ૧૪ |
| ૭. | કાવ્યસંગ્રહ | ૨૧ |
| | ૧. પ્રાર્થના | ૨૧ |
| | ૨. નમસ્કાર | ૨૧ |
| | ૩. આંતરતૃષા | ૨૧ |
| | ૪. ગુરુ શિષ્યનો આધાર | ૨૧ |
| | ૫. જીવનની તે કમાણી છે | ૨૨ |
| | ૬. ખરું દર્શન કરાવું છે | ૨૨ |
| | ૭. ખરો શણગાર જીવનનો | ૨૨ |
| | ૮. હૃદય નિશ્ચય પ્રવર્ત્યો છે | ૨૨ |
| | ૯. હૃદય નિશ્ચય પ્રવર્ત્યો છે | ૨૨ |
| | ૧૦. ગરીબાઈ જ તે યોગ્ય | ૨૨ |
| ૮. | સ્મરણભાવના (હરિગીત) સાથી રહો મન હૃદયમાં | ૨૩ |

**'હરિઃ ૐ ગુંજ'ને ભેટ આપનારની યાદી**

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ઈન્દ્રવદનભાઈ બી. લેખડિયા, અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/- |
| (૨) | સુજ્ઞશ્રી કમળાબહેન ત્રિભોવનદાસ જાની પરિવાર, સુરત હરિઃ ૐ આશ્રમ, (સુરત ખાતેના ઉત્સવના યજમાન) | રૂ. ૧૧,૧૧૧/- |
| (૩) | શ્રી ઈન્દ્રવદનભાઈ (ઈન્દુકાકા) શેરદલાલ, અમદાવાદ. | રૂ. ૫,૦૦૦/- |
| (૪) | સુજ્ઞશ્રી મૃદુલાબેન મુખી, અમદાવાદ | રૂ. ૫૦૦/- |

# ૧. રામનવમી - માહાત્મ્ય

ડૉ. ચંપક ર. મોદી

ચૈત્ર સુદ નવમીનો ધન્ય પવિત્ર દિવસ તે દિવસે રઘુવંશના રાજા દશરથને ઘેર અયોધ્યા નગરીમાં કોશલ્યામાતાની કૂખે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રનો જન્મ થયો. લંકાના દૈત્ય રાવણનો સંહાર કરવા અને ધર્મની મર્યાદાના પ્રતિસ્થાપન કરવા તેમનો આ અવતાર હતો. લોકો રામકથા— રામધૂન તથા ઉપવાસ કરીને રામભક્તિ પ્રગટ કરે છે.

ભારતીય સંસ્કૃતિના આધારસ્થંભ સમા શ્રી રામચંદ્રજીનું પ્રજા કલ્યાણ અને પ્રેમસભર શાસન યુગો પછી આજે ય એટલું જ જીવંત રહ્યું છે. અવતારી હોવા છતાં પણ એક મનુષ્ય તરીકેની તમામ મર્યાદાઓને ધ્યાનમાં રાખી તેમણે ધર્મનિષ્ઠ, સત્યનિષ્ઠ, જીવન-વ્યવહારનું દર્શન કરાવ્યું. ભગવાન રામનો જન્મદિવસ ઉજવીને રામનું ચરિત્ર તાદૃશ્ય કરીએ, પ્રેરણા લઈએ અને આપણી મોક્ષની અને સમાજમાં સ્થિર થયેલી આસુરીવૃત્તિના સંહાર માટે કટિબદ્ધ થઈએ તો રામનવમીનો ઉત્સવ ઉજવ્યો એ સાર્થક થયો ગણાય. પ્રત્યેકના જીવનમાં 'રામ' પ્રગટે અને આસુરીવૃત્તિનો ક્ષય થાય એવી પ્રાર્થના, આ પવિત્ર દિવસે થાય તો રામનવમીનું પર્વ સર્વોદયની જ્યોત પ્રગટાવે.

આ જ પવિત્ર દિવસે અયોધ્યા નજીક છપૈયામાં ધર્મપિતા અને ભક્તિમાતાની કૂખે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ-ઘનશ્યામ પ્રગટ થયા. તે દિવસ હતો સંવત ૧૮૩૭ અને ઈ.સ. ૧૭૮૧ને એપ્રિલની તારીખ ત્રણ. તેમનો જન્મોત્સવ ધામધૂમથી ભક્તિભાવપૂર્વક સંપ્રદાયમાં ઉજવાય છે. ભક્તો નિર્જળા ઉપવાસ કરી ભક્તિ અદા કરે છે.

સમસ્ત જીવોના અનાદિ અજ્ઞાનનો નાશ કરવો એ તેમના અવતારનું કાર્ય હતું. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મનું સ્થાપન અને પૃથ્વી ઉપર અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુણાતીત ગુરુની પરંપરા સ્થાપી લાખો મુમુક્ષુઓને માયામુક્ત કરી, વ્યસનમુક્ત કરી અક્ષરપદના અધિકારી બનાવવા માટે એમણે માનવ-અવતાર ધારણ કર્યો.

**રામનવમી પર્વનો મર્મ**

**રામ સરૂપ તુમ્હાર વચન અગોચર બુદ્ધિપર ।**
**અવિગત કથય અપાર નેતિનેતિ નિત નિગમ કહ।।**

*(રામચરિત માનસ અયો. કાંડ ૧૨૬)*

હે રામ ! તમારું સ્વરૂપ વાણીથી અગોચર છે. બુદ્ધિથી પરનું અવ્યક્ત, અકળનીય અને અપાર છે. વેદ હંમેશાં નેતિ નેતિ કરીને વર્ણવે છે.

ભગવાન રામનો જન્મોત્સવ ઉજવતી વખતે એ રામમાં તદ્રૂપ થઈને તેમના જીવનનો મર્મ સમજી 'રામો ભૂત્વા રામં યજેત્' થવાનું છે.

**રામનવમી । પર્વનો મર્મ અને ધર્મ ।**

એક ભાઈ કહે : ''પૂ. મોટા રામનવમીએ મારી સેવામાં આપનો ફોટો પધરાવવાનો છે ત્યારે આપ તો અત્રે નહીં હો છતાં માનસિક રીતે પધારવાનું આમંત્રણ આપીશ ।'' શ્રીમોટા કહે : મને યાદ કરો ત્યાં હું હાજર છું.

રામનવમીના એક ઉત્સવમાં એક સ્વજનથી જવાનું ન બનતાં તે શ્રીમોટાને કહે : ''આ વખતે મારાથી ઉત્સવમાં નહીં અવાય. અહીં (મુંબઈમાં) ફંડફાળાનું કામ ચાલે છે.'' ત્યારે તેઓશ્રીએ કહ્યું. ''અહીં પણ રામનવમી છે. જે મારું જ્યાં જ્યાં કામ કરે ત્યાં ત્યાં રામનવમી સમજવી. લોકો ખાલી ખાલી પગે પડવા આવે છે. તેમને હું જ ના કહીં દઉં છું, કે નકામા પગે પડવા આવશો નહીં.''

* * *

# ૨. શ્રી મોટાને અદ્વૈતનો સાક્ષાત્કાર

૧૯૩૯ના માર્ચની ૨૯મીએ રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો, જેની દવા બનારસ યુનિવર્સિટીના આયુર્વેદિક કૉલેજના ડીન શ્રી પાઠક સાહેબની કરાવેલી.

તે અનુભવની વેળાથી, ત્યારથી જ મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી. 'I am Omnipresent' 'હું સર્વત્ર વિદ્યમાન છું.' એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો.

તે કાળે જે અનુભવ થયો તે પણ એક સગુણનો અનુભવ હતો. પરંતુ તેમાંથી તાત્કાલિક હનુમાન કૂદકો મારીને અથવા તો હનુમાન કૂદકાથી તેમાંથી નિર્ગુણના અનુભવમાં પ્રવેશવાનું બન્યું. તે અનુભવનું પોતાના આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઈ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેંદ્રિતતા જીવંતપણે પ્રગટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવમાં પ્રગટ્યા કર્યો. તેમાં તે ભાવરૂપે હતો તેમ પણ ન કહી શકાય. જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય અને તેમ છતાં પાછો પોતે તે તે બધામાં હોવા છતાં નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય. માતાને બાળક પરત્વે જે તાદાત્મ્યવૃત્તિ હોય છે તે તો પ્રકૃતિવશાત્ હોય છે અને તે પણ તેમાં સળંગ એકધારું તાદાત્મ્ય હોતું નથી. બાબર અને હુમાયુનો દાખલો એ પણ એક જીવ પ્રકારની તેના પરત્વેની ઉત્કટમાં ઉત્કટ લાગણીનો પ્રાદુર્ભાવ ગણી શકાય અને તેવું તો એકાદ વાર બની જાય. જ્યારે ચેતનના ગુણધર્મમાં તે તે બધું પ્રકૃતિવશાત્ બનતું હોતું નથી. અને તેવી ચેતનાત્મક તાદાત્મ્યતા સળંગ એકધારી પ્રગટેલી રહે છે. અને તેવી સળંગ એકધારી તાદાત્મ્યતા હંમેશને માટે તે ને તે સ્થિતિમાં જીવંત પ્રગટ્યા જ કરે એવું પણ હોતું નથી. ચેતનના તેવા અનુભવ પછીથી કોઈકનામાં તે અમુક કાળ સુધી પ્રવર્ત્યા કરે અને કોઈકને તે પછી તેવું ન પણ બને. કોઈકને તો વળી તેના આધારમાં રોમેરોમમાંથી પસાર થઈને અદૃશ્ય પણ થઈ જાય. જેનું શરીર ચેતનના આધારને માટે તેના ભાવની યથાયોગ્યતાના પ્રમાણમાં સંપૂર્ણપણે યોગ્યતાવાળું વિકસેલું ન હોય તો તેવાને કદાચ વધુ સમય તેવું બને ખરું.

ગઈ કાલ તા. ૬-૯-૧૯૩૯ સવારનું પ્રેમમય વાતાવરણ ભૂલી શકાય નહિ ! કેટલાં બધાં એકઠાં થયેલાં ! અને તે પણ કેટલા ઉમળકાથી, પ્રેમભાવથી ! આવી વિદાય મળે એવો આટલાં બધાનો પ્રેમ, એ એની મોટામાં મોટી કૃપા છે. અને એવું એવું જે જે બધું મળે છે, તે બધું જ્ઞાનભક્તિપૂર્વક એને જ ચરણકમળે ધરાવું છું. આટલી બધી બહેનોના નિર્મળ પ્રેમ-ભાવની તોલે તો શું આવી શકે ! બાકી તમે તો પ્રત્યક્ષ જોયું છે અને જાણો છો. આશ્રમમાં માત્ર ટૂંકામાં ટૂંકી ચડ્ડી પહેરીને ફરનાર, 'બાઘા' જેવો જાણી જોઈને દેખાનાર, કહેવાતી સભ્યતા જરાકે ન પાળનાર, ગાંધીજીના આશ્રમ જેવા ગંભીર વાતાવરણમાં પણ મો...ટેથી બૂમો પાડીને કેટલાયને આઘાત, અને નહિ

તો તાજુબી અને કંઈક ઘૃણા અને અવમાનના ઉપજાવનાર, કેટલાયને અભણ દેખાનાર-તમને જાતમાહિતી છે કે કેટલીક આશ્રમની કન્યાઓ તો મને ગાંડો ગણતી અને કેવી પજવતી ! ત્યાંની સભ્ય રીતભાતમાં પણ તદ્દન બોડકું માથું રાખી તદ્દન નિઃસંકોચપણે ફરનાર, અરે, ફાટલાં કપડાં પહેરી સેંટ્રલ બેંકમાં જવાથી ક્લાર્ક પૈસા આપવાની ના પાડે અને તેથી મૅનેજરને મળવું પડે એવો દેખાવ ધારનાર, બને તેટલી રીતે સા...વ ગમાર દેખાનાર અને અક્કલ હોશિયારીનો તો મોંઢા પર છાંટોય ન મળે એવી રીતે 'ગધેડા'ની ઉપમા પણ પામનાર, એવા મારા આ બધાંનો આટલો ભાવ ક્યાંથી ! આ બધું તો તમે ઘણા વર્ષોના પરિચય પરથી ખાતરીથી જાણો છો.

આશ્રમમાં ઘણીયે વખત મારી સાથે એકાંતમાં બેસવાથી શાંતિ, આનંદ, પ્રસન્નતાના અનુભવો તમને થયા છે, પણ જાગ્રતપણે આ માર્ગના પ્રવાસી તરીકે નહિ. એટલે એ તમારી સાથેના નિકટમાં નિકટ કર્મસાથી અને મિત્રના પરિચયને લીધે ક્યારનું મારા જીવન વિશે તમને કહેવાનું બન્યું હોત પણ કશું જ કહ્યું નથી. આ બધું હવે આટલે વર્ષે સ્પષ્ટપણે તમને લખવાનો હેતુ એ છે કે આવું શાથી બની શકે એ જાણવું તમારે માટે હવે જરૂરનું છે. જેના અસભ્ય પોશાક, હાવભાવ, વલણવર્તનના દેખાવથી બહેનોને ('અજાણી હોય તોપણ') થોડી ઘણી ઘૃણા પણ ઊપજે, એવા પર બસ બધી બહેનોનો પ્રેમનો વરસાદ વરસે તે શાથી ?

દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને,
ડૂબે છે તેમાં જે, તરી જઈ બને ધન્ય બસ તે.

આટલો બધો અને આવો ભાવ મળે એ તો તમે પ્રત્યક્ષ જોયું. પરંતુ તે શાથી ?

'એ છે પ્રતાપ પદની રજપૂતિકાનો,
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.'

જો આપણે એનામાં જ પ્રેમને એકાગ્ર રીતે કેંદ્રિત કરી શક્યા તો પછી દુનિયાનો પ્રેમ તો મળવાનો છે. માટે હવેથી તો આપણો પ્રેમ એના પાદપદ્મે સતત વહ્યા કરે એવા જ્ઞાન-ભક્તિપૂર્વકના સતત અભ્યાસમાં લગાતાર આપણે મંડવાનું છે.

* * *

ઈ.સ. ૧૯૬૫માં ડભાણ ગામે રામનવમીનો ઉત્સવ ઉજવાતો હતો ત્યારે એક સ્વજનનાં માતુશ્રી મુંબઈથી પ્રથમવાર શ્રીમોટાનાં દર્શને આવ્યાં. તેમને જોઈને શ્રીમોટા એકદમ ઊભા થઈ ગયા ને આંસુ સાથે વૃદ્ધ માતાનો હાથ પકડીને બોલી ઊઠ્યા, "મારા માથે હાથ મુક, મારે મા નથી."

આમ પ્રથમ દર્શને જ માને હેતથી ભીંજવી દીધાં. ઉત્સવ પૂરો થયા બાદ તે માતુશ્રી વિદાય લેવા. શ્રીમોટા પાસે આવ્યા ત્યારે તેઓશ્રી કહે, "મા, મને દત્તક લઈ લે, મારા પર ભાવ રાખજે." પછી તેઓ બાને ભેટ્યા, દીકરાની જેમ ભાવની આવી રેલમછેલ કરવાની તેમની કેવી અજબ કળા!

રામનવમીના પ્રસંગે વ્યાખ્યાનમાં 'પ્રકાશ' શબ્દ આવ્યો જેના સંદર્ભમાં ગંભીર સ્નિગ્ધ અને સહજભાવે એક સ્વજનને ઉદ્દેશીને બોલ્યા, "ભાઈ, પ્રકાશ દેખાય છે ? એ સાંભળીને એમનો એ નામનો દીકરો ઊભો થઈને શ્રીમોટા પાસે આવવા લાગ્યો. એને એમ થયું કે પોતાને શ્રીમોટા બોલાવતા હશે. 'પ્રકાશ' શબ્દ ઉપર એમને શ્લેષ કર્યો હતો તે સાથે સ્વજનને પોતાની આંખ ખોલવા પણ સંકેત કર્યો. પૂ. શ્રીમોટા કોઈને શીખામણ ભાગ્યે જ આપતા હોય છે.

*ડૉ. બેલા આર. શાહ, વડોદરા.*

* * *

# ૩. મૃત્યુ પછી જીવાત્માની સ્થિતિ

માણસ શરીર છોડે છે, ત્યાર બાદ એને એના શરીર સાથે એનું તાદાત્મ્યપણું વળગેલું હોવાથી શરીરની આગળપાછળ એનો જીવ રહ્યા કરતો હોય છે એને તેર દિવસ સુધી તે જીવ જેની જેની સાથે એને કામ છે, લોભ છે, મોહ છે, આ બધું છે અને જેની સાથે, જે જે લોકોની સાથે જીવદશાથી, એના ઉત્કટપણાથી વળગેલો છે, તેવા વાતાવરણમાં એ તેર દિવસ સુધી At the place of attachment તે જીવ ત્યાં રહેતો હોય છે. તેર દિવસ સુધી તે બોલીચાલી શકતો નથી પણ એ સાંભળે છે, જુએ છે પણ ખરો. એ સૂક્ષ્મ દેહ એને મળી ચૂકેલો હોવા છતાં તે તેર દિવસ સુધીની એની જે દશા છે તે આવા પ્રકારની છે. એટલે જ, આપણે એ દિવસોમાં એના ગુણ વિશે, એણે ઉત્તમ કામ કર્યું હોય તો તે વિશે, એના ઉત્તમ કર્મ વિશે, આ બધું આપણે જાણી-વિચારીને કરવું જોઈએ. શોક તો બિલકુલ ના કરવો જોઈએ. રડવું તો જોઈએ જ નહીં. પણ એ દિવસોમાં જેટલો પ્રાર્થનામાં અને એનું શાંતિ-કલ્યાણ થાય એ ભાવનામાં અથવા પ્રાર્થનાના ભાવમાં, સતત સ્મરણમાં, ઉત્તમ ક્રમ કરવામાં જો આપણે એ દિવસો ગાળીએ તો એને વધારે શાંતિ લાગે છે, સારું લાગે છે. આપણે રડીએ છીએ. શોક કરીએ છીએ એ કંઈ એને માટે નહીં, આપણને એને માટેનો જે મોહ છે, જે મમત્વ છે એ મમત્વને કારણે કરીએ છીએ. એનું જ જો કલ્યાણ આપણે ઈચ્છતા હોઈએ, એને જો શાંતિ મળે એમ ઈચ્છતા હોઈએ, તો આપણે જુદી રીતે વર્તી શકીએ - એવું જો આપણને પ્રત્યક્ષ જીવતું-જાગતું ભાન હોય છે.

## ૧, તેર દિવસ પછીની જીવની ગતિ-સ્થિતિ

પ્રત્યેક જીવ જ્યારે શરીર છાડે છે ત્યારે તરત જ કંઈ તે જન્મ લઈ શકતો નથી. એને તો ઘણી વાર લાગે છે. કેટલોક કાળ વહી જાય છે અને ત્યાં અનેક જન્મોનાં પોતાના વાતાવરણને વાગોળે છે. અંગ્રેજીમાં 'period of assimilation' ના ગાળામાં, એ તબક્કામાં જીવે અનેક જન્મોના અનુભવોને, સ્મરણોને, સંસ્કારોને, પ્રસંગોને જુદા જુદા પ્રકારના એણે જે જે પ્રકારના જન્મ જીવપણામાં લીધા હોય તેનું બધું વાગોળવાપણું period of assimilation ના આ તબક્કામાં બને છે. એમાંથી એવું નક્કી આપમેળે, સહજમેળે નક્કી થતાં અને આ પ્રકારનાં આ જન્મમાં મારે અનુભવ લેવાયો છે, અને જે પ્રકારનો અનુભવ લેવાનું આપમેળે, સહજમેળે ત્યાં નક્કી થાય. આ period of assimilation માં તે પ્રકારના સાનુકૂળ સંજોગોમાં તે જીવ જન્મ લે. પણ આ જન્મ લેવામાં તો ઘણો કાળ વીતી જાય. એનું કોઈ ચોક્કસ ધોરણ નથી.

પ્રત્યેક જીવનાં જે પ્રકારના સંસ્કાર, જે પ્રકારની જીવદશાની એની ઉત્કટતા, જે પ્રકારની જીવદશા, એમાં કામ, ક્રોધ, લોભ, મોહ અને એના વિશેષ પ્રકારના અથવા તો કોઈક સત્ત્વ પ્રકારનો જીવ હોય, કોઈ ઉચ્ચ પ્રકારનો જીવ હોય, કોઈ સાધનામાં વળી ચૂકેલો જીવ હોય અને કંઈક બાકી રહી ગયેલું હોય, એવા અનેક પ્રકારના જુદા જુદા જીવો છે. તેનો જન્મ પછી જુદી જુદી રીતે અને જુદા જુદા કાળે થાય છે. અમુક કાળમાં અમુક જ વખતે અમુક જ ગણતરીના દિવસોમાં માણસો જન્મ લે એવું કોઈ ધોરણ નથી. એ તો એ જે પ્રકારનો જીવનનો અનુભવ લેવાને જીવ ઈચ્છતો હોય તેમ બને,

આવી રીતે અનેક પ્રકારના જીવો પોતપોતાની રીતે જુદા જુદા અનુભવો લીધા કરે છે. કોઈક વખતે શ્રીમંત, કોઈક વખત ખેડૂત, કોઈક વખત મજૂર, કોઈક વખત સ્ત્રી. એમ જીવનના અનેક તબક્કાના જુદા જુદા પ્રકારના અનુભવો લેવાનું કાર્ય જીવ કરતો હોય છે અને જ્યારે એના period of assimilation માં અનેક રીતે વાગોળતાં વાગોળતાં અંત આવી જાય ત્યારે સહજમેળે હવે અમુક પ્ર્કારના જીવનનો અનુભવ પોતે લેવો છે એવું આપમેળે નક્કી થઈ જાય. ત્યારે એ અનુભવ લેવાને માટે જે જે, એવા નિમિત્ત પ્રકારના જીવોનો સંયોગ ત્યાં થવો ઘટે. એવો સંયોગ જ્યાં સાનુકૂળ બને શકે એવી શક્યતાવાળા કાળમાં અને સંજોગોમાં ત્યાં જન્મ લે. તે વખતે એની સાથે આ વાગોળવાપણામાં જે નક્કી થયું હોય એવો પોતાને જે અનુભવ લેવો છે, એ અનુભવને અનુભવવાને માટે જ જે એવાં બીજા જીવોની જરૂરિયાત છે, એવા જીવો પણ ત્યારે તે તબક્કામાં જ જન્મે એવી સાનુકૂળતા ને યોગ્યતા જ્યારે સાંપડી શકે. એવી યોગ્ય ગણતરી આપણે કરી શકતા નથી. ત્યારે એ તો આપમેળે બધાંને યોગ્ય પ્રકારનું સમૂહગત રીતે સાથે ને સાથે જન્મવાનું બધાનું બનતુ હોય છે કે જેથી પોતે જે પ્રકારનો અનુભવ લેવાનું વિચાર્યું હોય એમ તો નહિ કહી શકાય, વિચારાઈ ગયું હોય તેવા તે એને ફલિત થવાને માટે જે તે બધાં અંગઉપાંગોની જરૂર હોય તે બધાં જ ત્યારે સાથે ને સાથે હોવાં ઘટે.

**પ્રશ્ન :** મરણ વખતે ભગવાનનું નામસ્મરણ થાય તો તેથી મોક્ષ મળે એ હકીકત સાચી છે ?

**જવાબ :** પ્રશ્ન તો તમે ઘણો સારો કર્યો. મરણ વખતે ભગવાનનું સ્મરણ થાય કે સ્મરણ ટકી રહે કે યાદ આવે તો તેથી કંઈ મોક્ષ ન મળે. મોક્ષ એમ કંઈ એટલો બધો રેઢો પડ્યો નથી. પરંતુ મરણ વખતે, શરીર છૂટતી વખતે, શરીરમાંથી ચેતન જ્યારે નીકળી જાય, જીવ નીકળી જાય, ત્યારે જો ભગવાનનું નામ લેવાય તો ઉત્તમ પ્રકારની ગતિ થાય છે. સદ્‌ભાવવાળી સ્થિતિમાં, એનામાં કાંઈક સામાન્ય જીવ કરતાં ઊંચી ગતિવાળી સ્થિતિ થાય છે એ હકીકત માનવા જેવી છે. એનું કારણ હું તમને બુદ્ધિ સ્વીકારી શકે એવી રીતે ભગવાનની કૃપાથી કહી શકું ખરો.

શરીરમાંથી રોમેરોમમાંથી કોઈક પ્રકારના ચેતનની – જેને 'એનર્જી' (energy) કહે છે – કોઈ ચેતનની શક્તિ કહે છે – એવી શક્તિ રોમેરોમમાંથી નીકળીને કો'ક એક ઠેકાણે શરીરના આધારમાં કેન્દ્રિત થતી હોય છે. તે શરીરના એકેએક અવયવમાંથી, એકેએક ભાગમાંથી, રોમેરોમમાંથી, એના વાળમાંથી સુદ્ધાં – એક નાનામાં નાના ભાગમાંથી પ્રાણશક્તિ, ચેતનની પ્રાણશક્તિ, ખેચાઈ ખેંચાઈને કો'ક એક ઠેકાણે એકત્રિત થઈ જાય છે અને આ વસ્તુ ક્ષણમાં બનતી હોય છે. એક ક્ષણથીયે ઓછી ક્ષણમાં આ હકીકત બનતી હોય છે, જે આપણી બુદ્ધિમાં આવી શકે તેવી હકીકત નથી. પણ આ, તે વખતે બનતી સાચેસાચી હકીકત હોય છે. તેવે વખતે આ શરીરમાં રહેલું ચેતન તો બધું નીકળી ગયેલું હોય છે, ત્યારે આ શરીરની જે પ્રકૃતિ છે, જે દ્વન્દ્વને ગુણોથી બનેલી છે એ, ત્યારે એ પ્રિડોમિનન્ટ (predominant) મહત્ત્વપણે ભાગ ભજવી રહેલી હોતી નથી. ત્યારે એનું આ સ્થૂળ શરીર ભાગ ભજવી રહેલું હોતું નથી. પણ ત્યારે આ શરીરમાંથી એ પ્રાણ - પ્રાણની શક્તિ, ચેતનની - પ્રાણની શક્તિ જ્યારે નીકળી રહીને કોઈક એક પળે એક ઠેકાણે એકત્રિત-કેન્દ્રિત થઈ ગયેલી હોય છે, થઈ જતી હોય છે. એ પળે એનું સ્થૂળ શરીર મહત્ત્વનો ભાગ ભજવતું હોતું નથી, પણ સૂક્ષ્મ શરીર નીકળવાની પ્રક્રિયામાં હોય છે અને તે વખતે એનું સૂક્ષ્મ શરીર જ 'પ્રિડોમિનન્ટ'

અત્યંત મહત્ત્વપણે ભાગ ભજવી રહેલું - શરીરમાં એક ક્ષણ માટે પણ તે વખતે એ સૂક્ષ્મ શરીર આગળ - મોખરે હોય છે. એ વખતે સ્થૂળ શરીર મોખરે હોતું નતી, સૂક્ષ્મ શરીર મોખરે હોય છે અને જ્યારે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે તે વખતે ભગવાનનું જે નામ લેવાય છે તેનો આધાર સૂક્ષ્મ શરીર છે, નહિ કે સ્થૂળ શરીર, મનાદિકરણ સ્થૂળને જ વળગી રહેલાં હોય છે. સ્થૂળ શરીરની પ્રક્રિયા - કામક્રોધાદિક વૃત્તિઓ આદિ-મહત્ત્વપણે ભાગ ભજવી રહેલી હોય છે એનાં કરતાં આખા સ્થૂળ શરીરમાંથી ચેતનની પ્રાણશક્તિ નીકળીને સૂક્ષ્મ શરીરમાં કેન્દ્રિત થયેલી હોય છે અને સૂક્ષ્મ શરીર મહત્ત્વપણે શરીરમાંથી જીવ નીકળતી વખતે મોખરે રહેલું હોય છે. જે વેળા ભગવાનનું નામ લેવાતું હોય છે તે વખતે સૂક્ષ્મ શરીરમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિનો પ્રકાર કાંઈક નોખો છે. એ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિ જે છે તે આ સ્થૂળ શરીર જ્યારે જીવતુંજાગતું હતું અને તેથી બધી પ્રક્રિયા ચાલ્યા કરતી હતી અને એને વળગી રહેલાં જે મનાદિકરણો હતાં, એના કરતાં સૂક્ષ્મ શરીર જ્યારે મોખરે હોય છે અને સૂક્ષ્મ શરીરને જ આધારે આ મનાદિકરણો તે પળે જે છે એ પ્રકારે અને સ્થૂળ શરીરનાં મનાદિકરણ સ્થૂળ શરીર જીવતું હોય છે એનાં મનાદિકરણ સ્થૂળ શરીરને જ વળગેલાં છે તે, તે બંને પ્રકારમાં ઘણો ફરક છે. ત્યારે એ જ્યારે પ્રાણ-ચેતનની પ્રાણશક્તિ શરીરમાં નીકળી જવાની પળે આ સૂક્ષ્મ શરીર આપણું મોખરે હોય છે. એ સૂક્ષ્મ શરીરને બોલવાની પળે, એ વખતે જે છે સૂક્ષ્મ શરીર, તે દ્વારા આ જે ભગવાનનું નામ લેવાય છે એનું પરિણામ એની સારી ગતિમાં એટલે કે હવે પછીના જન્મમાં એ કોઈક ભાવનાશાળી સ્થિતિમાં એ જીવ જન્મે એવી શક્યતાવાળું બની જાય છે. એટલે મરણ વખતે સામાન્ય રીતે દરેક માણસથી કંઈ ભગવાનનું નામ લેવાતું હોતું નથી. કાં તો એનો દીર્ઘકાળનો અભ્યાસ હોય એવા જીવોથી પણ તે વખતે ભગવાનનું નામ એને યાદ રહે જ એવો કશો નિયમ નથી, આપમેળે પણ કો'કને થઈ જાય છે. જેને બિલકુલ અભ્યાસ નથી. - જરા સરખો પણ અભ્યાસ નથી એવા માણસોને પણ આવા જીવતા જાગતા જેનામાં ચેતનાની નિષ્ઠા પ્રગટેલી છે એવા અનુભવી શરીરધારી આત્માઓની સાથે સંપર્કમાં આવ્યા હોય અથવા તો એમનું કામ એમણે કર્યું હોય અને ઘણું કામ કર્યું હોય, એકલદોકલ રીતે નહીં, પણ ઘણું કામ કર્યું હોય, તો એવાના અને એવાની ઉપર પેલા જે મહાત્માને રાગ હોય અથવા તો એ ઉત્કટ એના માટેનો કોઈક ભાવ એના દિલમાં હોય તો એવા જીવને પણ મરણ વખતે ભગવાનનું સ્મરણ રહે છે અને એ સ્મરણ એ માત્ર આ સ્થૂળ શરીર જ્યારે જીવતું હોય અને એ બોલે છે એના કરતાં જ્યારે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે અને આ ત્યારે રોમેરોમમાંથી ચેતનની પ્રાણશક્તિ નીકળી જઈને કોઈક એક ઠેકાણે કેન્દ્રિત થાય છે. આ પળનીયે પળની અંદર આ હકીકત બનતી હોય છે. તે વખતે સૂક્ષ્મશરીર સ્થૂળ શરીરમાંથી નીકળી જવાની એકદમ તત્પરતામાં હોય છે. પળ પછી તો નીકળી જતું હોય છે, તે પળે જે ભગવાનનું નામ બોલાય છે, એ સૂક્ષ્મ શરીર બોલે છે. એ સૂક્ષ્મ શરીરમાં પણ આકાશ, તેજ અને વાયુ ત્રણ તત્ત્વો ત્યારે તૈયારીવાળાં હોય છે. એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રદેશમાં એ ભગવાનનું નામ એના આધારમાં અને આ એક બહુ મોટી પ્રક્રિયા છે એમાં એવા જીવની કોઈ સારી ભાવનાવાળી ગતિની અંદર એનો જન્મ થાય છે.

***શ્રીમોટાની ધ્વનિમુદ્રિત વાણીના આધારે***

* * *

# ૪. જીવની ગતિ અને કાર્ય

ખૂબ વસતી વધે છે એનું કારણ બુદ્ધિ સ્વીકારી શકે એવું પણ છે. છેલ્લાં દસ વર્ષમાં વસતી વધુ પ્રમાણમાં વધતી જાય છે, ખૂબ વધારો થયો છે ત્યારે એનું કારણ શું ?

અંતરિક્ષમાં, પૃથ્વીની આજુબાજુના વાતાવરણમાં અસંખ્ય જીવો છે, જેની કોઈ ગણતરી નથી થઈ શકતી. અસંખ્ય જીવોનું અસ્તિત્વ છે તે સાબિત થઈ શકતું નથી. તે વખતે આવું ઓચિંતા આવવાનું, જન્મવાનું કેમ બન્યું ? પહેલાં કેમ નહોતા જન્મતા ને હવે જ કેમ ? આપણી બુદ્ધિ છે તે સવાલ તો ઉઠાવે જ ને ? તો એનો જવાબ એમ છે કે દા.ત. ૧૯૧૮ની સાલમાં ઈન્ફલ્યુએન્ઝા (રોગ) આવેલો, પિસ્તાળીસ - છેતાળીશ લાખ માણસો મરી ગયેલા તે બધા જીવો પણ આ વાતાવરણમાં ફર્યા કરે. આપણા હિન્દુસ્તાનમાં સ્વરાજ આવ્યું, ને ભાગલા પડ્યા. ત્યારે આપણા એક જ જાતના એક જ ઈન્ટેન્સિવ સેન્ટિમેન્ટમાં (ઉત્કટ લાગણીમાં) માણસો, લાખો માણસો માર્યા ગયેલા. હવે એક જ જાતના સેન્ટિમેન્ટમાં મરી ગયા તે પણ છે. ત્યારે એવા લોકો, એવા જીવો અમુક વાતાવરણમાં, અમુક એવા ક્લિષ્ટતાવાળા વાતાવરણમાં ગુજરી ગયેલા છે. અસંખ્ય લોકો આપણી સ્મૃતિમાં અકસ્માતનાં કારણોમાં ગુજરી ગયા, ઘણી મોટી સંખ્યામાં એ એક જ જાતના કારણમાં ગુજરી ગયા.

હવે અત્યારનો કાળ ક્લિષ્ટતાવાળો, ઘર્ષણવાળો આવ્યો છે. આપણા હિન્દુસ્તાનમાં જ નહિ, પણ આખી પૃથ્વી પર એ ઘર્ષણવાળો, સંઘર્ષવાળો, અશાંતિવાળો, મૂંઝવણનો, ગુગળામણનો એક કાળ આવ્યો છે. જે તબક્કામાં અસંખ્ય જીવો ગુજરી ગયેલા છે ને વાતાવરણમાં છે તે આવા કાળમાં જન્મ લે છે. તેને લેવો પડે. આ કાળ તેને માટે સાનુકૂળ છે. જેમ પ્રેત છે તે પ્રેતને પોતાને કોઈ ઈચ્છાને સંતોષવી છે, તો તેના યોગ્ય મિડિયમ (માધ્યમ) ને જ પકડશે તો જ એ સંતોષી શકશે. એવી રીતે આ પૃથ્વીના વાતાવરણમાં જુદા જુદા કાળના તબક્કામાં અમુક લક્ષણવાળો કાળ પ્રગટે છે. એ લક્ષણવાળા કાળમાં, તે પ્રમાણેના લક્ષણોવાળા અસંખ્ય જીવો તેવી જાતના લક્ષણમાં, ઈન્ટેન્સિટી - ઉત્કટતામાં એકદમ સામટા ઊતરે. સામટા ઊતર્યા એટલે વસતી વધી. એટલે કાં તો રોગ આવશે, લડાઈ આવશે અને બધા ખલાસ થઈ જશે. પછી આવું ને આવું પુનરાવર્તન થયા જ કરવાનું. એટલે આવી રીતે વસતી વધતી-ઘટતી, વધતી જાય છે. આ તો મારા મનથી મેં સમાધાન લીધેલું. આ સાચું છે કે નહિ એ કહી ના શકાય. આ તો મને થયેલું ત્યારે મારા મનથી મેં સમાધાન કરેલું. કોઈ પણ પ્રશ્ન મનમાં સંઘરી ના રાખવો. એનું કોઈને કોઈ સમાધાન કરી નાંખવું એટલે એના વિશે મન વિચારે નહિ. કંઈ પણ સંકલ્પ થયો, વિચાર થયો તો એનું મૂર્ત સ્વરૂપ કરી દેવું. નહીંતર એ જ વિચાર પાછો મનમાં ઘોળાયા કરશે ને હમણાં નહિ થાય તો વળી પાછો જાગશે. એટલે તેને કૃપાથી સાકાર કરી દેવો. એટલે ફરી નહિ આવે.

એ તો સાહેબ, આપણને ખબર નથી કે અંતરિક્ષમાં એવા પણ જીવો છે જે જ્ઞાન આપવાવાળા છે. જેને અનુભવ થયો નથી એવા માનવ શરીર ધારણ કરવાવાળા છે. એપ્ટ મિડિયમ (યોગ્ય માધ્યમ)ને શોધીને જ્ઞાન આપે છે. તે અ, બ, ક, ડ, એવા જ્ઞાનવાળા હોય નહિ. પણ એક મિડિયમ હોય. એ અ, બ, ક, ડ, ને પણ ખબર નથી.

એને બિલકુલ ખ્યાલ ન હોય. એ તો એ રીતે હોય નહિ. આપણા પૃથ્વીના વાતાવરણમાં એવા પણ જીવો છે. જેમ પ્રેત પોતાના એપ્ટ મિડિયમને સ્વીકારીને એના દ્વારા પોતાની વૃત્તિઓને સંતોષે છે, એવી રીતે આવા પ્રકારના પણ જીવો છે કે જે એવા એપ્ટ મિડિયમને શોધીને એનામાં પોતે વ્યક્ત થવાનો પ્રયત્ન કર્યા કરતા હોય.

**સ્વજન :** મોટા. આ જે અંતરિક્ષમાં જીવો છે તે પૃથ્વી પર જ અવતરે તેવું કંઈ નહિ ને ? ગમે ત્યાં અવતરે ?

**શ્રીમોટા :** પૃથ્વીના વાતાવરણના જીવો પૃથ્વી પર જ આવે. બીજે જાય ખરા. પણ એ બારોબાર બીજા વાતાવરણમાં ના રહે. જીવે ઉત્તમમાં ઉત્તમ કર્મ કરેલાં હોય અને ભાવાત્મક કર્મ કરેલાં હોય એવાં, ઊર્ધ્વમાં બીજા એવા પ્રકારના જીવોની પૃથ્વી છે ત્યાં જાય. પૃથ્વીના વાતાવરણમાં અવતરવા લાયક જીવો છે. તે જ પૃથ્વીના વાતાવરણમાં રહેશે. અસંખ્ય જીવો છે - તે આપણે કહીએ છીએ ખરા. પણ તેની સાબિતી નહિ આપી શકીએ. આપણા કન્સેપ્શનમાં (સમજણમાં) નહિ લાવી શકીએ. પણ એટલું તો આપણે જોઈએ છીએ કે આપણી પૃથ્વી પર અસંખ્ય જીવાણુંઓ છે, તે તો જાણે આપણી બુદ્ધિ કબૂલ કરે છે. એવી રીતે આખા વાતાવરણની અંદર આ જીવો-શરીર છોડેલા અસંખ્ય જીવો - આ પૃથ્વી પર છે એના કરતાંય કેટલાય ગણા વધારે છે અને બીજી પૃથ્વી પરથી આપણી પૃથ્વી ઉપર અવતરવાવાળા એ સીધા નહિ આવે. વાતાવરણમાં આવ્યા પછી આવે છે. પહેલાં વાતાવરણમાં આવે છે ત્યાં સ્ટેબીલાઈઝ (સ્થિર) થાય છે. એ વાતાવરણ પૃથ્વીનું વાતાવરણ છે. એ વાતાવરણ અમુક માઈલો સુધી છે. એ વાતાવરણમાં એ સ્ટેબીલાઈઝ થાય પછી અહીં ઊતરે. એને સૂક્ષ્મમાં ગર્ભ જોઈએ. એ સૂક્ષ્મમાં ગર્ભ બંધાય છે દા.ત. મોટા મોટા એવા પ્રસંગો બનવાના હોય તો પહેલાં વાતાવરણના સૂક્ષ્મ ગર્ભમાં અવતરણ થયું હોય પછી અહીં થાય. પહેલું ત્યાં થાય. એવી રીતે બીજા ગ્રહોમાંથી પૃથ્વી પર અવતરવા લાયક જે જીવો છે તે અહીં આવે છે તે પહેલાં વાતાવરણમાં સ્ટેબીલાઈઝ થાય છે. વાતાવરણમાં રહે. સ્ટેબીલાઈઝ થાય પછી અહીં આવે છે. અને આપણે ત્યાં નિમ્ન કોટિ થાય તે આપણાં વાતાવરણમાં ના રહે. તે પાછા તે જાતની પૃથ્વીના વાતાવરણમાં જાય છે. આપણે ત્યાં ઊર્ધ્વ પ્રકારના જે જીવો હોય તે જ્યાં જવાના હોય તેવા પ્રકારના વાતાવરણમાં સ્ટેબીલાઈઝ થાય પછી ત્યાં અવતરે.

*'તદ્રૂપ-સર્વરૂપ પ.આ.પૃ. ૪૯-૫૦*

* * *

## શ્રધ્ધાસુમન

## પૂજ્ય શ્રી મોટાના સ્વજન સર્વેશ્રી

(૧) નરોડા નિવાસી નાના અમૃતકાકાના લઘુબંધુ મોહનભાઈના સુપુત્ર ચિ. નીતીનભાઈ પટેલનું દેહાવસાન તા. ૨-૨-૨૦૧૮

(૨) શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ પંડ્યાના ભાણેજ દેવાંગભાઈ ધર્મેશકુમાર દવેનું દેહાવસાન તા. ૧૮-૨-૨૦૧૮

(૩) શ્રી ચંદુલાલ ભવાનદાસ ગાંધી (ગાંધીકાકા) નારણપુરા, અમદાવાદ તા. ૨૩-૨-૨૦૧૮ના રોજ દેહાવસાન પામેલ છે. તે સર્વે ગતાત્માને પૂજ્ય શ્રી મોટાના ચરણમાં શરણું મળે તેવી પ્રાર્થના....

# ૫. સમાજ કેવી રીતે ઉત્થાન પામે ?

જ્યારે સમાજમાં કાળની ભીંસ આવી પડે છે. દુઃખના દાવાનળ પ્રગટે છે ત્યારે એ સમાજ ઘોર તંદ્રામાંથી સળવળાટ અનુભવે છે અને નવી જાગૃતિને પામે છે. એ વખતે તેની પાસે ઊંચો આદર્શ હોય અને એ પ્રકારની પ્રવૃત્તિમાં પડેલો હોય તો, એનામાં ઊંચી ભાવના પ્રગટાવવાનો ઉત્સાહ પ્રગટે છે. એ ન પ્રગટે ત્યાં સુધી પુનરુત્થાન શક્ય નથી. જ્યારે પુનરુત્થાન થવાનું હોય ત્યારે એવી વ્યક્તિ પણ જન્મે છે. એવી વ્યક્તિને લીધે સમાજમાં હિંમત-બળ આવે છે. વ્યક્તિમાં કાળનું જબરદસ્ત લક્ષણ હોવાથી કાળનો મરણિયો નિર્ધાર પ્રગટે છે. એ સંકલ્પ વિસ્તારની દશામાં આવે છે અને મનુષ્ય હૃદયને પડકાર કરે છે. એ ઘોર તામસમાં પડેલાં સમાજને જગાડે છે. એ માત્ર એને જગાડીને બેસી રહેતો નથી, એને ગતિમાં પણ પ્રેરાવે છે.

*— મૌન મંદિરનો મર્મ, પૃ. ૫-૬*

### નિષ્ઠા, પ્રામાણિકતા અને ભક્તિ

સેવામાં જીવન ગાળ્યું છે - ભણેલો છે. એવા એક ભાઈએ લખેલું કે, નિરાસક્ત, નિરહંકાર, નિર્મમત્વ વગેરે કઈ રીતે થઈ શકે ? તેનો એક જ માત્ર ઉપાય નામસ્મરણ છે, ને તે અખંડ બનાવી દે તેવું થઈ શકે એવું મેં પોસ્ટકાર્ડ લખેલું. નામસ્મરણ મોટેથી બોલતાં બધું ઘટે એમ કહેવુ છે. અનુભવની વાતો છે. જાતે કર્યા સિવાય અનુભવ થાય નહિ. વિજ્ઞાનમાં $H_2O$ એટલે પાણી-તેવું પ્રત્યક્ષ બતાવી શકાય છે. તેવું આમાં નથી. આ તો જાતઅનુભવ સિવાય ખબર ન પડે. બુદ્ધિ, તર્ક આ વાતમાં સ્વીકાર કરી શકે નહિ. નામસ્મરણથી અહંકાર, આસક્તિ, મમત્વ વગેરેનો જરૂર નાશ થાય. કોઈ કહે કે 'Impossible' - અશક્ય છે. તમે 'Rational' વ્યવહારુ નથી. બુદ્ધિના એક તુક્કાથી વાત ઉડાડી દો છો. તેને હું કહું છું કે, 'અખતરો તો કરી જુઓ, પ્રામાણિકપણે અને ભક્તિપૂર્વક (sincerely, honestly, devotionally), પછી જુઓ કે શક્ય છે કે નહિ'. જ્યાં સુધી આમ કરે નહિ ત્યાંસુધી Impossible કહે તે બરાબર નથી. બુદ્ધિવાળા એમ કહે છે કે થઈ શકે કે ન પણ થઈ શકે તો તે હજુ સમજાય એવું છે. મહાત્મા ગાંધીજી નાના હતા ત્યારે બીકણ હતા. તેઓ ભગવાનનું નામ લેતા અને શ્રદ્ધાથી બીક નહોતી લાગતી. હું તો કહું છું કે બને કે ન બને તો પણ સ્મરણ તો કરો. સમજીને કરશો તો ઉત્તમ થશે. કરો તો આ જન્મમાં પણ થઈ શકે.

*— મૌન એકાંતની કેડીએ, પૃ. ૨૦-૨૧*

### સમાજ સેવા

આપણા ઉપર અનેક પ્રકારના ઋણ હોય છે. માટે આપણે સુખી થઈએ અને બીજાને સુખી કરીએ. આપણે એકલા હોવા છતાં સમાજ સાથે સંકળાયેલા છીએ. આપણાંથી સમાજ ઊંચો આવે એવું કહીએ તો તે પણ ભગવાનની ભક્તિ છે. પણ આપણામાં ભાવના, ખમીર અને ગુણ-શક્તિ પ્રકટે ત્યારે સમાજ ઊંચો આવે. આપણા રાગદ્વેષ મોળા પડ્યા વગર - અંતરના મેલની શુદ્ધિ થયા વગર આપણી કે આપણા સમાજની ઊત્તમ સેવા થઈ શકતી નથી. ઊર્ધ્વ પ્રકારની ભાવના પ્રમાણે - વ્યક્ત થવાની કળા પ્રાપ્ત કરે એવો જીવ પોતાની અને સમાજની સેવા કરી શકે માટે જેટલું વધારે સહાનુભૂતિથી - પ્રેમથી એક બીજાને સાથે રહેવાનું કરીએ તો તે પણ એક પ્રકારની સેવા છે. લોકો બીજા વિશે વાતો કરે છે. પણ પોતાનામાં દોષો છે, ખોડખાપણ છે, એવા

પ્રકારની વાત હજુ સુધી કોઈ મારી પાસે કરતું નથી. આપણું કશું પણ બીજાને ન ખૂંચે એવી રીતે જીવતાં શીખો.

*— મૌન મંદિર, હરિદ્વાર, પૃ. ૧૧૨-૧૧૩*

## સ્ત્રી પ્રત્યે આદરભાવ

ઘરમાં સ્ત્રી સ્વતંત્ર છે, પણ એ સ્વચ્છંદી ન હોવી જોઈએ. ખેતરને વાડની જરૂર છે. ખેતરમાં આ ઉત્તમ રીતે ઉછરે એ માટે મર્યાદાની જરૂર રહે છે. આપણે મર્યાદા તો મૂકી, પણ સ્ત્રીઓના જીવનને જડી નાંખ્યું. એમના જીવનને વિકસવા ન દીધું. જો આપણે સ્ત્રીઓના શરીરને રમવાનું સાધન માનીને આચરવાનું છોડી દઈશું તો તેમના તરફ પ્રેમભક્તિ પ્રગટશે અને સ્ત્રીઓનાં શરીર ભક્તિથી ત્યાગ કરવાના ગુણોવાળા બનશે. પણ કૂવામાં નહિ હોય તો હવાડામાં ક્યાંથી આવશે ? વેદકાળમાં સ્ત્રીઓનાં સન્માનની વાતો હતી. સ્ત્રીઓ ધર્મચર્ચામાં પુરુષોને હંફાવતી. આજેય સ્ત્રી-સન્માનની ભાવના છે. હજી મૂળ ભાવનાનાં બીજ ગયા નથી. જે ઉન્નત રીતે જીવે છે એમને લીધે જ સમાજનું અસ્તિત્વ છે. જો સમાજને ભાવનાથી ઉન્નત બનાવવો હોય તો સ્ત્રી પ્રત્યેનું દૃષ્ટિબિંદુ બદલાવું જોઈએ. સ્ત્રી પ્રત્યે આદરભાવ પ્રગટાવવાનું થવું જોઈએ. સમાજના નવસર્જન અને પુનરુત્થાન માટે એ ઘણું જરૂરી છે.

*— મૌન મંદિરનું હરિદ્વાર, પૃ. ૯૨*

## કળાપ્રીતિ અને સૌંદર્ય-પ્રેમ

કવિતા એ હૃદયની ભાવનાનું પ્રતિબિંબ છે અને કવિતામાં સાથે સાથે અતિશયોક્તિ પણ સંભવી શકે છે. કાવ્ય એ આત્માની ભાવનાનો એક જાતનો આવિર્ભાવ માત્ર છે. કવિઓની કવિતા અને પ્રખર સાધનામાંથી પરિપક્વ બનેલી ભાવનામાંથી બનેલું કાવ્ય એ બેમાં ઘણો ફરક છે અને કાવ્યની એવી અતિશયોક્તિથી ઘણાંના મન પરાઙમુખ થઈ જાય છે તે પણ સ્વાભાવિક છે. પરંતુ જે માનવી સાધનામાં ઓતપ્રોત થતો જાય છે તેનામાં તો જ્યાં જ્યાં જગતમાં સૌન્દર્યની ભાવના કોઈપણ કળા રૂપે વ્યક્ત થયેલી હોય તેનાં પ્રત્યે તેના હૃદયની કદરવૃત્તિ ખીલતી જ જવી જોઈએ. આપણે સાધનાના માર્ગે ખૂંપતા જઈએ છીએ તેનું આ એક માપ જરૂર ગણાવી શકાય. સુંદર સૂર્યોદય કે સૂર્યાસ્તના સમયે આકાશમાં પૂનમની ચાંદની ખીલી હોય, જંગલની વનસ્પતિનું કુદરતી સૌંદર્ય ભરપૂરભર્યું હોય તથા માનવીના હૃદયના સદ્ભાવમાં, નૃત્ય સંગીત, ચિત્રકળા, શિલ્પકળામાં બુદ્ધિની તેજસ્વિતાના દર્શનમાં અને કલ્પનાના ઉડ્ડયનશીલ પ્રભાવમાં અથવા કોઈ આકાશી ઊર્મિને લીધે જે જે બધું લખાયેલું હોય તે તે બધામાં ભગવાનની ચેતનશક્તિનો ચમત્કારી સ્પર્શ થયેલો છે એમ હૃદયની ધારણા ધરાવાઈને ત્યાં આપણું મસ્તક પ્રાર્થનાભાવે નમે ત્યારે જરૂર આપણામાં ભાવનાનો ઉકેલ થતો જાય છે. એમ માનવાનું છે સાધકના જીવનમાં ક્યાંયે શુષ્કતા ન હોવી ઘટે. એનામાં પ્રેમભાવ ઉત્તરોત્તર વધતો જવો જોઈએ.

*— જીવન પાથેય પૃ. ૧૮૨-૧૮૩*

## સ્ત્રીનું સ્વભાવસહજ કર્તવ્ય

સ્ત્રીનો સ્વભાવ જ્યાં જ્યાં હોય તેમાં મમતાળું વિશેષ રહ્યાં કરે છે. જેમાં ચોંટ્યો એમાં જ ચોંટે. એનાથી બહાર નીકળતા એનો પ્રાણ નીકળી જાય. સ્ત્રીઓ કોઈપણ કાળમાં સંસારવિરક્ત દશામાં પુરુષો કરતાં વધુ પ્રમાણમાં નહીં હોઈ શકે, કારણ કે એ એના જન્મહેતુના ક્ષેત્રની બહારની વાત છે. પણ એ એના ક્ષેત્રમાં ઉન્નત ને ઉન્નત થયાં કરશે ને એનો વિસ્તાર પણ કર્યા કરશે-તે ખરું, પણ એનું સાત્ત્વિક કાર્ય તો પ્રજાની સત્ત્વશુદ્ધિ સાચવી રાખવાનું છે. એટલું જ નહિ પણ તેમાં કાળે કાળે તેજસ્વિતા, પ્રાણ પ્રગટાવવાનું કામ પણ એનું જ છે. પ્રજાના આત્માનું એ હૃદય છે. પ્રજાના જીવનની જે કંઈ શક્તિનો મૂળ

પાયો એમનામાં રહેલો છે. સારીયે પ્રજાનું ઘડતર અને ઉદ્ભવસ્થાન તે છે. ને એનું ક્ષેત્ર એક તો સાંકડું ને વાતાવરણ તેવું હોય, ને એની એ જ અસરમાં સતત એને રહ્યા કરવાનું હોવાથી એનું માનસ એવું થતુ રહે છે તેને લીધે છે.

— *જીવન પાથેય, પૃ. ૧૦૨-૧૦૩*

## મૂળની શોધ

ગાડું ઊંધું વળી જતું લાગે ત્યારે મનને તપાસવું, વિચારવું. મનમાં થયેલી કોઈક અથડામણને લીધે, આપણને ઊંઘ નથી આવતી એમ સમજવું ને તે અથડામણ શેને લીધે છે તે ખોળીને, તેના મૂળ કાઢી નાખવા મથ્યા કરવું અને સર્વ પ્રકારે હળવા નિશ્ચિત રહ્યાં કરીશું ને કશો ભાર મન ઉપર રહેવા નહીં દઈએ તો આપણું બધું સરળ ચાલ્યા કરવાનું છે તે જાણશો બધાં તે આપણાં જ અંગ છે એમ માનીને આપણે વર્તવું. જેથી આપણા હાથની ભૂલ આપણને ખટકે, તેમ છતાં ત્યાં દિલમાં રોષ કે ક્રોધ અને બીજું વિચારવાપણું ન રહે તેમ સામા પણ પેઢીના અંગ છે એટલે તેમના તેવામાં પણ આપણે આપણા અંગની ભાવના કેળવવી રહી.

— *ધનનો યોગ, પૃ. ૯૨*

## સંબંધનો હેતુ

જાણ્યે-અજાણ્યે પુરુષ-જીવને સ્ત્રી-જીવ જ દોરી રહેલો હોય છે. પણ એનું જીવતું જાગતું ભાન પુરુષ જીવને હોતું નથી. પુરુષ જીવ માને કે પોતે જ બધું ચલાવી રહ્યો હોય છે. કિંતુ ગમે તે કોઈ પુરુષ-જીવનું જીવતું દૃષ્ટાંત નજર સામે લાવી જુઓ. કાં તો તે માની દોરવણીથી ચાલતો હશે કાં તો બહેનની દોરવણીથી કે કાં તો પત્નીની કે કોઈ ઉપપત્નીની કે કોઈ બીજી સ્ત્રીજીવની દોરવણીથી. પુરુષ-જીવના જીવનમાં સ્ત્રી-જીવ મહત્ત્વનો ભાગ ભજવે છે, ને એમાંયે પુરુષ ને સ્ત્રી એવા બે જીવોના સંબંધથી જ જીવન ઘડાતું હોય છે. તેવી રીતે પ્રત્યેક સ્ત્રી-જીવના જીવનમાં કોઈક ને કોઈક પુરુષ-જીવની પ્રતિભા કે છાયા કામ કરી રહેલી હોય છે જ; ને આમ આપણને જીવનમાં થતો પ્રત્યેક જીવનો સંબંધ હેતુ વિનાનો હોતો નથી. માત્ર એનો હકીકતપણે જીવતો ખ્યાલ આપણને હોતો નથી, ને જો આ વિચારસરણીમાં જરાક ઊંડા ઉતરીએ તો એમ પણ કહેવાય કે પ્રત્યેક જીવનો સંબંધ જો કર્મના હેતુરૂપે હોય ને કર્મને જો આપણે બંધનરૂપે નવાં થવાં દેવાં ન હોય તો તે સર્વ સંબંધમાં આપણે ભગવાનની ભાવનાનો જીવંત ખ્યાલ, હેતુ રાખીશું તો તે જીવોના સંબંધ કર્મબંધનરૂપે આપણને થવાના નથી.

## હૃદયનો મેળ

પેઢીને માટે આપણે જો ખૂબ ખંતીલા અને ઉદ્યોગશીલ રહ્યાં કરેલાં હોઈશું અને આપણું સર્વ સાથેનું સલુકાઈભરેલું વર્તન રહ્યાં કરેલ હશે તો બીજાઓ પાસેથી કામ લેવાની બાબતમાં તે ઘણો ભાગ ભજવી શકશે. પેઢીના માણસોની અંદરઅંદર જેટલો હૃદયનો મેળ હોય એટલું આપણું કામ સારું બનવાનું એટલે તે બાબતમાં પણ આપણે કાળજી રાખવાની રહી અને એવી ખબર પડતાં બંનેનો મેળ શક્ય હોય તે રીતે કરાવી આપવામાં આપણે સદાય જાગ્રત રહીને પ્રયત્ન કરવો. વળી, પેઢીમાં જે જે માણસો હોય તે તે માણસો પ્રત્યેક પ્રસંગે બરોબર વર્તી ન શકે તેનાં કારણો પણ ઘણાં હોવા સંભવ છે. તેવા તેવા પ્રત્યેક જણની ત્યારની માનસિક પરિસ્થિતિ કોઈ ને કોઈ કારણે ડહોળાયેલી રહેતી હોવાથી તે તેમ ના કરી શકે તો આપણે સાધના કરતાં કરતાં તેનામાં સહાનુભૂતિ રાખીને જો તેનું દિલ જીતી શકીશું, તો આપણી જેમ જ સામાની આપણે ઘણી સેવા કરી શકીશું. આ બધું તમને ખ્યાલમાં બેઠું હશે તો કોક વખતે ઊગી નીકળશે.

* * *

## 6. THE AIM IN LIFE

Inquisitiveness initially has no idea as to the goal,
yet it employs every means and rests not till it is reacted. 1

Know it for certain that you are not on the right path,
If you are simply beating about the bush,
If your efforts are all just haphazard. 2

When the the heart is truly afflicted, and burning with desire,
The mind remains engrossed persistently such is the
real nature of the goal or aim! 3

Once you are intent on the aim, all of its conditions have
got to be kept, sincerely,
then alone can the aim be achieved! 4

With the most Intense eagerness to reach the goal,
One's mind is sure to remain all concentrated. 5

Inquisitiveness is the only appropriate instrument
for the aspirant,
the seeker after Truth, on the Path ! 6

The soul has to struggle hard, honestly and persistently make
all efforts through diligence. 7

The goal is invisible, imperceptible, unmanifested,
To give it a concrete shape in the heart
how Inquisitiveness does help to struggle
and to persevere on the Path! 8

The soul is closely interlinked with Inquisitiveness
in order to achieve the aim, which care for nothing else! 9

How Inquisitiveness is loyal to the soul in respect of its aim!
Without such aim, the heart remains unconscious! 10

Inquisitiveness creates a deep agitative earnestness intensity of
aim at heart, Which transforms everything. 11

We are all asleep, but Inquisitiveness is ever awake,
How alert and fore-warned it keeps us too! 12

Once the aim is fixed and kept in view,
The mind's going astray regarding the aim is not to be. 13

How Inquisitiveness first weighs the pros and cons of
probability of achievement of aim, Then only takes the steps,
sets out on the Path. 14

Inquisitiveness rests not until its goal is reached,
Such intense restlessness it holds in its heart. 15

Keeping the aim in front, in times of joy or woe,
Inquisitiveness acts evenly in accordance with the aim. 16

Retaining all that is useful towards achievement of aim,
And adding what is needed, or is short, is well advised. 17

Inquisitiveness will show the way
even to the one who simply cries and keeps crying
in agony, lying idle, if awakened It is! 18

For the one who stands erect, steadfast, on way to the goal,
The goal is surely within reach,
such is the agreement (bond) of Inquisitiveness. 19

For the one with a live and constant aim of
Inquisitiveness at heart,
There is no doubt or suspicion about the aim! 20

All other things will be secondary to the one
Who has his aim alive and constant in the heart. 21

When life has a determined goal,
It is enlivened with consciousness and truly is sustained. 22

And constructive development can be experienced
when the aim is enriched with one's intellect, concentrated,
whole and contemplative. 23

The goal itself comes near by choice,
approaching those who remain at heart engrossed
with joyful awareness. 24

While retrieving to retrieve whatever was lost,
Continuing the search,
one's hope to regain is born in the heart! 25

Initially it knows not what is to be gained at heart,
But Inquisitiveness becoming constant as well as consistent,
the gain is sure to be! 26
With constant, continuous and consistent efforts,
one who is firmly established in consciousness, is sure to gain,
achieve the aim at heart! 27

Contemplating day and night at heart about the secret
to be gained, the mystery to be solved,
one can achieve one's aim in life! 28
Inquisitiveness knows not and cares not about
pampering of the soul,
Its sole aim or dutiful action is to fathom the heart's secret,
to measure the depth of the aim! 29

Inquisitiveness cares not for anything in life,
Its heart is all absorbed in achieving the aim! 30

By learning from each of such various experiences,
in its own peculiar way, How Inquisitiveness
integrates all its learns! 31

Inquisitiveness lovingly accepts all that it regards conducive
to its goal, and so acts in harmony with experience! 32

It knows how well its power increases as
it acts in accordance, in solving such problems? 33

As complications, riddles, knotty problems or hardships arise,
Inquisitiveness welcomes them all along the path,
regarding them as gifts of God's grace! 34

Inquisitiveness cares not for any calamities or
hardships on the Path,
on the contrary, calamities become opportunities
for increasing its strength. 35
"Profound contemplation of the aim, alone,
done deepest in the heart/ achieves the aim. 36

When one is intent on the goal, bent to achieve,
not worrying at all,
at heart, about the consequences, Results are manifest,
directly, clear to all! 37

Despite all difficulties, obstacles, calamities,
all types of opposition also,
if one sticks still to the aim, one's concentration in
it is constant and steadfast! 38

How, the mind remains by itself concentrated in the aim,
even when the mind is perturbed or restless. 39

With such concentration and being engrossed,
or totally in tune with the aim,
meditation becomes easy and spontaneous,
Such is the power of Inquisitiveness! 40

Inquisitiveness trains and enables one to use
everything towards self-development.
The sole purpose of such development is to achieve the aim. 41

Pursuing the aim with total involvement and zest,
true feeling 'bhava' is awakened,
Which further leads one on towards sacrifice,
Such spirit of sacrifice is indeed admirable and unique! 42

In such pursuit one encounters wonderful experience,
enticing and varied, but Inquisitiveness is
never enamoured or trapped
to flirt with them! 43

The Inquisitiveness will welcome even death,
For its intent is ever fixed in the aim,
constant and consistent, fully alive!
Its determination is strong to achieve the aim,
held dearly at heart, even in the face of death,
if that be so! 44-45

How unique and lively is the Path of Inquisitiveness!
the way of inquisitiveness renewing life after each death,
dying again to gain immortality ! 46

Achieving the aim itself is not enough,
But dying during the struggle, still persisting,
and achieving again-such is true Manliness! 47

Often on the verge of sinking,
they seem to remain afloat, and
Continue to swim and struggle
to reach the other shore! 48

Only the brave succeed as such,
while occasions often arise, during the struggle
to make the aim materialize,
when one is facing martyrdom or death again! 49

How new riddles, difficulties, obstacles and fresh complications
arise! But those who are manly and truly valiant,
continue to keep their aim alive, 50

The winner-to-be has to face gruelling tests,
which bitter as they be, One welcomes all with love! 51

How one who is in the midst of many battles like forest fires,
and is deeply engulfed in them,
learns to remain alert and vigilant! 52

Only the Experienced can truly enjoy
keeping oneself alive amidst such intense
wars-how romantic it is ! 53

Such alone are truly brave heroes like gems or
dazzling diamonds of this world,
who never rest or relax until their goal is reached,
all aims achieved! 54

Dreams materialize in time,
such aims are soon achieved by those
whose inquisitiveness is burning,
intensely like volcanic fire! 55

Inquisitiveness spurs and stimulates,
stirring and encouraging in the act,
to make one's mind all concentrated
in one's aim at all times!
The way Inquisitiveness leads one no other Power can! 56

Intensely alive, true feeling (bhava) is necessary
to help one achieve one's aim absolutely.
Without such true feeling no soul can.reach the goal! 57

*Jignasda, page 92-99*

# ૭. કાવ્યસંગ્રહ

## (૧) પ્રાર્થના

(શિખરિણી)

ભુલાઈ છો જાતા, જગત વ્યવહારો, ન પરવા,
ભુલાતા સ્નેહીઓ, પ્રિયસ્વજન, તોયે ન પરવા,
ભલે ભૂલાતું છો ઘર, જગત આખું, ન પરવા,
ભૂલાવા ન દેજે પણ તુજ સ્મૃતિ એક પ્રભુ ! હા
મને થવા પાકું સહુ રીતથી, સંસાર મળિયો,
ભગાવા તેમાંથી કદી પણ મને ના મન થજો,
ભલે વિઘ્નો આવે, જરૂર મુજને તે શીખવવા,
થવાવા પાકો ને અનુભવ મને ત્યાં દ્રઢવવા.
વિતર્કો, શંકાઓ, મન શી ઊઠતી દૂર કરજે,
વિસંવાદી મારા મન, હૃદયનો મેળ કરજે.
અનેક વિઘ્નો આવ્યે જીવનપથમાં, તું હઠવજે,
પ્રભો ! મારે વ્હેવા મુજ સરળ તું માર્ગ કરજે.

*— હૃદય પોકાર, પૃ. ૩૦*

## (૨) નમસ્કાર

(ઉપજાતિ )

જે આદિ છે પુરુષ, આપ તે છો,
આધાર આ વિશ્વ સમસ્તના છો,
તમે જ જ્ઞાની, વળી જ્ઞાન—યોગ્ય,
આ વિશ્વ આખું પ્રસરાવનાર.
છો અગ્નિ, વાયુ, રવિ, ચંદ્ર આપ,
પ્રજાપતિ છો, જગતાત આપ,
નમું છું આગે, નમું પાછળે હું,
નમું છું હું ચારે દિશમાં તને હું.
નમું છું ઊંચે, નમું છું નીચે હું,
નમું ફરી ફરીને નમું હું,
અનંત છો વીર્ય, પરાક્રમી છો,
છો સર્વ, ને આપ બધું સમાવો.

*— જીવન ગીતા, પૃ. ૨૪૫*

## (૩) આંતરતૃષા

(શિખરીણી)

નકામી ચર્ચામાં મુજ મતિ ચલાવું ન જરી હું,
અને કોની સાથે કદી ન ઊતરું વાદ મહી હું,
હું વાતો, શંકામાં, ખપ વગરની, ના મન ધરું,
જગે મૂર્ખા થૈ ને, તુજ પદ રહેવા સ્થિર મથું.
મને આ સંસારે સ્વજન ખરું કો ના તુજ વિના,
રહ્યો છું ધારી આ મુજ જીવન તારી પર હવાં,
કહે, ''ક્યારે મારી પ્રભુ ! છીપવશે આંતરતૃષા ?
કરી દેશે ક્યારે મન, હૃદય એકાગ્ર પદમાં ?''

*— હૃદય પોકાર, પૃ. ૪૮*

## (૪) ગુરુને શિષ્યનો આધાર

(ગઝલ)

અમારે જીવવાનું છે, હૃદયની ભાવનાના જોરે,
હૃદય-ભાવના જ્યાં છે જીવનમાં ત્યાં જીવન પ્રેરે.
જગતમાં ભાવ જેનો છે,બધાં કિંમત પૂછે એની,
જરૂર પડતાં ખરીદી લે, બનાવે વસ્તુ તે નિજની.
ન જેનો 'ભાવ' છે કાંઈ, ન એને કોઈ પૂછે છે,
જરૂરી હોય છો ભારે, છતાં ચગદાય તે ચરણે.
ઠરે છે ભાવ જેનો જ્યાં, બધું અંકાય ત્યારે તે,
જગતવ્યવહાર શો ચાલે, બધે ગણના કરી 'ભાવે' !
નભે સૌ ભાવની તોલે જીવન સૌ ભાવ-સર્વસ્વ,
ગરીબની 'ભાવ' મૂડી છે, ગરીબનું સાચું તે સ્વર્ગ.
હૃદયના ભાવ પર મારે, ભૂમિકા ચાલવા કાજે,
જગમાં ક્યાંય ઠરવા મને તો, ઠામ, ભાવ જ છે.
કૃપાથી 'ભાવ' તે દેજો, છૂટે હાથે દીધાં કરજો,
કરી વળતર પ્રભુ પૂરો અતુલો આપશે પાછો.

## (૫) જીવનની તે કમાણી છે

ગરીબાઈ મળી તેથી ગરીબ સાચું થવાતું તે,
ખરેખર ભાન જાગી દિલ મને શિક્ષણ મળેલું છે.
ગરીબાઈ શી ધનની છે ! ગરીબાઈ શી મનની છે !
ગરીબાઈ હૃદય કેરી શી ઉત્તમોત્તમ શ્રેષ્ઠ જ છે !
જીવનની તે ગરીબાઈ હૃદયને કેળવવું ધારીને,
હવે તો ખંતે મચેલું છે, જીવનની તે કમાણી છે.
ગરીબાઈ મળી તેથી તો પ્રવેશાઈ શકાયું છે,
ગરીબીએ જ જીવનને શું ખરેખર બનાવ્યું છે !

## (૬) ખરું દર્શન કરાવ્યું છે.

ગરીબાઈથી જીવનમાં મને દિલે આંચકા કેવા !
શું વજ્રાઘાત્ સમ લાગ્યા ! કંઈક લાગ્યું જ સમજાવા.
જીવનમાં આંચકાએ તે તળે ઉપર કરાવ્યો છે,
જીવનનું આંચકાએ તે ખરું દર્શન કરાવ્યું છે.
મને તે આંચકાએ શો હૃદયથી ચેતવેલો છે,
અને તેથી જીવન રળવા હૃદય ચેતવણી લાગી છે.
હૃદય ચેતવણીથી જાગી જીવન પુનર્જીવન પામી
-જીવનનો યજ્ઞ અંતરનો જીવતો તેથી ચાલ્યો છે.

## (૭) ખરો શણગાર જીવનનો

ગરીબાઈ જીવનમાંની ખરા દુશ્મનના જેવી છે !
સતાવી સતાવીને પૂરો ડૂચો જ તેં કાઢ્યો છે.
ગરીબાઈથી જ જીવન આ પૂરું કથળી ગયેલું જે,
ગરીબાઈ પ્રભુપદની જ જીવન સમૃદ્ધ બનવે છે.
ગરીબાઈ મળેલી તે મહદ સદ્‌ભાગ્ય કેવું એ !
-જીવન રળવાનું સાધન તે કૃપાથી શું મળેલું છે !
સમગ્ર જિંદગાનીની જે કમાણી, સર્વ ગરીબાઈ,
ખરો શણગાર જીવનનો જીવનની તે ગરીબાઈ.

## (૮) હૃદય નિશ્ચય પ્રવર્ત્યો છે

જીવનમાંની ગરીબાઈ તો મને ત્યારે કઠેલી છે,
કહીંથી આવી ગરીબાઈ ! ખરેખર દિલ થયેલું તે.
ગરીબાઈની કઠણાઈ સહન કરવી પડેલી છે,
હૃદય ઉકળાટ પણ ત્યારે મને પૂરો થયેલો છે !
હૃદય કકળાટ શો ઊંડો મને ત્યાં ઊપજેલો છે,
થવાને મુક્ત તેનાથી હૃદય નિશ્ચય પ્રવર્ત્યો છે.
અને એ નિશ્ચયે કેવાં ભગીરથ કામ કીધાં છે !
ન આવે કલ્પનામાં કદી બધું એવું કરાવ્યું છે.

## (૯) હૃદય નિશ્ચય પ્રવર્ત્યો છે

ગરીબીથી ઉગરવાને મહેનત શી કરેલી છે !
બહુ મથતાં વળી મથતાં ચકલી ફાળ ભરાઈ છે.
પરંતુ માતબર હૃદયે થવા ઉત્કટ લગન મુજને,
સતત જલતી રહેલી જે મને એણે મથાવ્યો છે.
જતાં આગળ પથે આગળ અગાઉની મહેચ્છા તે,
કૃપાથી કેવી રીતે તે ગયેલી ઓગળી શી છે !
જીવનમાં માતબર પૂર્ણ થઈને મહાલવાની તે
-મહેચ્છા શી અમર જીવ તણી દિલમાં ફળેલી છે.

## (૧૦) ગરીબાઈ જ તે યોગ્ય

ગરીબાઈ થકી કેવા જીવનમાં પાઠ શીખવાને,
જુદી જુદી જ રીતના શું સદ્‌ભાગ્યે મળેલા છે !
જીવનનું સર્વ દારિદ્ર બધી રીતે જ ફિટાવાને
ગરીબાઈથી મુજને શો શું ધક્કેલો જ લાગ્યો છે !
ગરીબાઈ નરી સ્થૂળથી ગરીબાઈ સૂક્ષ્મ ને દિવ્ય
જીવન અનુભવ થવા કાજે મહત્ત્વની તે ખરેખર છે.
શિખર તે નમ્રતા ટોચે પહોંચી શૂન્ય બનતીએ,
ગરીબાઈ જ તે યોગ્ય શું અવતરવા નીચે નિમ્ને.
જીવનમાં નમ્રતા તેવી વિના પ્રગટ્યા જ સંપૂર્ણ
અનુભવી ના શકે કોઈ જીવનના તત્ત્વનું હાર્દ.

# ૮. સ્મરણભાવના (હરિગીત) સાથી રહો મન હૃદયમાં

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી ;
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી ;
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી ;
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.

જીવન તણાં અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતી મહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં;
જે જે કાંઈ કરતાં, બધાંની સાથ વર્તાતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝગડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મનવાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં;
રગરગ મહીં, નખશિખ મહીં, ને શરીરનાં નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

(પાછળ)

ખટરસ તણાં સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત્ત પ્રેરણા મહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જયમ બાલુડું પોકારતું;
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આ રડ્યા !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.
જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડાઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છો ને પરોવાયેલ હો,
તે તે દશામાં હે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો.

પ્રિય નામ-સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવન-અંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની.

સારાય જીવન તણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા.

તુજ નામનો મહિમા ઋષિઓ કૈક ભક્ત કવિ કથે,
તું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જયમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું,
હીરા કને જયમ કાચ એવો સાવ હું નાદાન છું

*શ્રીમોટા*

*શ્રી ગંગાચરણે, પૃ. ૨૯*

* * *

---

## 'હરિઃ ૐ ગુંજ'ના ગ્રાહક માટેનું ફોર્મ

**લવાજમના દર : વાર્ષિક : ₹ ૬૦/-** ☐ **પાંચ વર્ષ માટે : ₹ ૨૫૦/-** ☐ **દસ વર્ષ માટે : ₹ ૪૦૦/-** ☐

નામ : ____________________

સરનામું : ____________________

ગામ/શહેર : __________ તાલુકો : __________ જિલ્લો : __________

પીનકોડ નંબર : __________ ફોન નંબર : __________ મોબાઈલ : __________

હું 'હરિઃ ૐ ગુંજ'ના દ્વિમાસિક-સામયિકનાં લવાજમ પેટે મનીઓર્ડર/ચેક/ડીડી/ઈ-બેંકીંગ દ્વારા રૂા. __________ (અંકે રૂપિયા __________) મોકલાવું છું. ચેક/ડીડી નંબર : __________ તારીખ : __________ બેંકનું નામ : __________

**નોંધ :** ચેક/ડીડી **'હરિઃૐ આશ્રમ, નડિયાદ'**ના નામનો મોકલવા વિનંતી.

**ફોર્મ તથા ચેક/ડીડી/મનીઓર્ડર મોકલવાનું સરનામું :**
હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ. પીન-૩૮૭ ૦૦૧
મો. : ૭૮૭૮૦૪૬૨૮૮

**મોકલનારની સહી**

## હરિ : ૐ આશ્રમ, નડિયાદ દ્વારા ૨૦૧૮-૧૯ ના વર્ષ માટેના ઉત્સવોની ઉજવણીની યાદી

| | | |
|---|---|---|
| ● | ૨૫-૦૩-૨૦૧૮<br>રવિવાર | **રામનવમી** (પૂ. શ્રીમોટાનો પૂર્ણ સાક્ષાત્કાર દિન)<br>(ઉત્સવની ઉજવણી સુજ્ઞશ્રી કમળાબેન ત્રિભોવનદાસ જોષીના યજમાનપદે પાટીદાર સમાજની વાડી, કતાર ગામ, સુરત ખાતે હરિઃ ૐ આશ્રમ, સુરત દ્વારા કરવામાં આવશે.) |
| ● | ૨૭-૦૭-૨૦૧૮<br>શુક્રવાર | **ગુરૂ પૂર્ણિમા**<br>સવારે ૭-૩૦ થી ૮-૦૦ ચા નાસ્તો<br>સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ નામસ્મરણ, પ્રાર્થના, ભજન, આરતી<br>સવારે ૧૦-૦૦ થી ૧૦-૩૦ ગુરુવંદના અર્પણવિધિ<br>સવારે ૧૦-૩૦ થી ૧-૦૦ મહાપ્રસાદ |
| ● | ૩૦-૦૯-૨૦૧૮<br>રવિવાર | **પૂ.શ્રી મોટાનો ૧૨૦મો પ્રાગટ્યોત્સવ** (ભાદરવા વદ-ચોથ, તા. ૨૯-૯-૨૦૧૮)<br>સવારે ૭-૩૦ થી ૮-૦૦ ચા નાસ્તો<br>સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ નામસ્મરણ, પ્રાર્થના, ભજન, આરતી<br>સવારે ૧૦-૦૦ થી ૧૦-૩૦ સ્વજન અનુભવ, આભારવિધિ<br>સવારે ૧૦-૩૦ થી ૧-૦૦ મહાપ્રસાદ |
| ● | ૧૮-૧૦-૨૦૧૮<br>ગુરૂવાર | **વિજયાદશમી (દશેરા ઉત્સવ)**<br>સવારે ૭-૩૦ ધજારોહણ વિધિ<br>૧૦-૦૦ મહાપ્રસાદ<br>યજમાન : આશરા પરિવાર |
| ● | ૭-૧૧-૨૦૧૮<br>બુધવાર | **ચોપડા પૂજન, (શારદા પૂજન) દિવાળી**<br>સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦<br>નોંધ : જે સ્વજનોએ ચોપડા, પૂજન માટે આપવાના હોય તેઓએ ૬-૧૧-૨૦૧૮ સુધીમાં પૂજ્ય શ્રીમોટાના ચેતનારૂમમાં મૂકવા અને તેની પાવતી કાર્યાલયમાંથી મેળવવાની રહેશે. |
| ● | ૮-૧૧-૨૦૧૮<br>ગુરૂવાર | **નૂતન વર્ષારંભ** (બેસતુ વર્ષ)<br>દર્શનનો સમય : સવારે ૪-૦૦ થી ૯-૩૦, ૧૦-૩૦ થી ૪-૩૦<br>૫-૩૦ થી ૭-૦૦ કલાક સાંજ સુધી<br>નોંધ : મૌનાર્થીઓના પ્રસાદ વિતરણ સમયે શાંતિ અવશ્ય જાળવવી. |
| ● | ૧૦-૦૨-૨૦૧૯<br>રવિવાર | **વસંતપંચમી, પૂજ્ય શ્રીમોટાનો જ્ઞાન દિન** (તા. ૧૦-૦૨-૨૦૧૯)<br>સવારે ૭-૩૦ થી ૮-૦૦ ચા નાસ્તો<br>સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ નામસ્મરણ, પ્રાર્થના, ભજન, આરતી<br>સવારે ૧૦-૦૦ થી ૧૦-૩૦ સ્વજન અનુભવ, આભાર વિધિ<br>સવારે ૧૦-૩૦ કલાકે ગુરુવંદના અર્પણ વિધિ અને મહાપ્રસાદ |

હરિઃ ૐ આશ્રમ નડિયાદ દ્વારા પ્રકાશિત હરિઃ ૐ ગુંજ મેગેઝિન નિઃશુલ્ક આપતા હતા તેના બદલે હવેથી ટ્રસ્ટીગણ દ્વારા લવાજમ નીચે મુજબ લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનો અંક દર બે માસે દસમી તારીખ સુધીમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની સર્વે સ્વજનોને જાણ સારુ તેમજ તેનું લવાજમ ત્વરીત મોકલી આપવા વિનંતી. જેથી આપનો અંક સમયસર મોકલી શકાય.

### ● લવાજમના દર ●

| વાર્ષિક | પાંચ વર્ષ માટે | દસ વર્ષ માટે |
|---|---|---|
| રૂ. ૬૦/- | રૂ. ૨૫૦/- | રૂ. ૪૦૦/- |



પૂજ્ય શ્રી મોટાને કાવેરી નદીના કિનારે સ્નાન કરાવતાં
મુરબ્બી શ્રી ઇન્દુકાકા (શેરદલાલ)

પ્રિન્ટેડ મેટર

પ્રકાશક :
હરિઃૐ આશ્રમ,
પોસ્ટ બોક્ષ નં. ૭૪
નડિયાદ-૩૮૭૦૦૧

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ., અમદાવાદ-૩૮૦૦૨૨.